સંસાર
એક કેદખાનું...
અહીં હુકમ ઘણા, અહીં જુલમ ઘણા,
કર્મના કોરડા વીંઝાય ઘણા......

સંસાર
એક મુસાફરખાનું...
જરા હળ્યા, જરા મળ્યા,
ત્યાં તો છૂટા પડવાનું......

સંયમ એટલે....
- વિશ્વના સર્વે જીવો સાથે અભયદાનનું કરારનામું
- સંસારને અસાર ઘોષિત કરનું જાહેરનામું
- ગૃહસંસારમાંથી રાજીનામું
- મોક્ષમાર્ગનું સરનામું

સંસાર
એક કારખાનું....
પુણ્યનો કાચો માલ ખલાસ થાય,
પાપ કર્મોની પુષ્કળ પેદાશ થાય...

સંસાર
એક ભારખાનું.....
કર્મોના, કષાયોના સંજ્ઞાઓના
ભાર થી ભારે થવાનું.....

પ્રખરચિંતક પ.પૂ.આ.ભ.શ્રી વિજય મુક્તિવલ્લભસૂરીશ્વરજી મ.સા.ના
ચિંતનસંગ્રહ મુમુક્ષુ ગીતા માંથી આભાર ઉદ્ધૃત



સંયમ ક્યારે મળશે ???

એક જીવ , સંસારમાં સમ્યગ્દર્શન કે દેશવિરતિ
અસંખ્ય ભવોમાં પામી શકે છે,
પણ સર્વવિરતિના આઠ થી વધુ ભવ થતા નથી.

– કલ્પસૂત્ર

દેશવિરતિના ઉત્કૃષ્ટ અધ્યવસાય કરતા
સર્વવિરતિના જઘન્ય અધ્યવસાયમાં પણ
અસંખ્યગણી કર્મનિર્જરા થાય છે.

– કમ્મપયડી

દેશવિરતિ (પાંચમું ગુણસ્થાનક) પામ્યા
વિના અનંતા જીવો મોક્ષે ગયા છે.
સર્વવિરતિ (છઠ્ઠું ગુણસ્થાનક) પામ્યા
વિના કોઈનો મોક્ષ થયો નથી.....

– લોકપ્રકાશ

એક દિવસ માટે પણ સુવિહિત
સંયમનું પાલન કરનાર આત્મા કાં તો મોક્ષે જાય,
નહીં તો છેવટે વૈમાનિક દેવલોકે જાય.

– ઉપદેશમાળા

સૌજન્ય

મનન – દેવર્ષિના મહાભિનિષ્ક્રમણ નિમિત્તે

શાહ સોમચંદ ફૂલચંદ શેઠ પરિવાર

અ.સૌ. તારાબેન અરવિંદભાઈ
અ.સૌ. શીતલબેન બિરેનભાઈ
અ.સૌ. જાગૃતિબેન મેહુલભાઈ
ચિ. ધ્વનિત મેહુલભાઈ

શુભેચ્છકો

શાહ સોમચંદ ફૂલચંદ શેઠ - પરિવાર
હ. રતીભાઈ, રમણભાઈ, નગીનભાઈ, વિનોદભાઈ, દિલીપભાઈ
કપૂરબેન અમૃતલાલ નાનચંદ દોશી પરિવાર મલાડ-મુલુંડ
પુષ્પાબેન ભાઈલાલભાઈ વીરચંદદાસ શાહ - મહેસાણા
સુરેખાબેન હસમુખભાઈ શાહ - ઈડરવાળા
હ. મોક્ષ મનીષભાઈ - હિંમતનગર
તારાબેન શાંતિલાલ મણિલાલ શાહ - મલાડ
એક સદ્ગૃહસ્થ

સંયમ

ક્યારે

મળશે ???

(દીક્ષા સંબંધી ગીતોનો સંગ્રહ)

પુસ્તકનું નામ	:	**સંયમ ક્યારે મળશે ???**
		(દીક્ષા સંબંધી ગીતોનો સંગ્રહ)
પ્રકાશક	:	**શ્રમણોપાસક પરિવાર**
		એ-૩૧૧, હેરિટેજ હોલી
		એપાર્ટમેન્ટ, નેહરૂ રોડ,
		મુલુંડ (વે.) મુંબઈ-૪૦૦૦૮૦
		કિશોરભાઈ - ૯૮૬૯૧૪૮૦૯૪
પ્રકાશન નિમિત્ત	:	**મનન-દેવર્ષનો**
		મહાભિનિષ્ક્રમણ પ્રસંગ
		વિ.સં.૨૦૭૩, ચૈત્ર વદ ૧૦
		શેફાલી જૈન સંઘ, અમદાવાદ
મૂલ્ય	:	વિરતિધરોની અનુમોદના અને
		વિરતિગ્રહણની ઝંખના

© શ્રમણપ્રધાન શ્વે. મૂ. પૂ. જૈન સંઘ

પ્રકાશકીય

સંસારનો ત્યાગ એ ભીષ્મપરાક્રમ છે.

સિંહસત્ત્વના સ્વામી જીવો જ એ કરી શકે...

અને એટલે જ સંસારી જીવોને એ પરાક્રમ કરનાર પ્રત્યે પ્રચંડ અહોભાવ ઉત્પન્ન થાય છે.

એ અહોભાવની વૃદ્ધિમાં સહાયક બનતા અનેક ગીતો રચાયા છે. મુમુક્ષુબંધુઓ **મનન-દેવર્ષ**ની દીક્ષા પ્રસંગે પૂ. મુ. શ્રી **મૃદુસુંદરવિ. મ.સા.**એ સંગૃહીત કરેલા ગીતોનો સંગ્રહ પ્રકાશિત કરતાં આનંદ થાય છે. એ ગીતોના સર્જકોનો આપણે ઋણસ્વીકાર કરીએ કે તેમના શબ્દો આપણને સર્વવિરતિના ભાવો સુધી પહોંચવામાં સહાયક બને છે.

તે સહુની ખૂબ ખૂબ અનુમોદના સહ.

લિ.

શ્રમણોપાસક પરિવાર.

અનુક્રમણિકા

સંયમ ક્યારે મળશે ?	૧
મને વેશ શ્રમણનો મળજો રે...	૧
તારા ગુણોની પાટ મને...	૨
જા સંયમ પંથે દીક્ષાર્થી	૩
પ્રભુનાં મારગડે જા રે	૪
ઓઘો છે અણમૂલો	૫
એકલની પગદંડી આ તો...	૬
પરથી થયા પરાયા...	૬
પ્રભુ! તમારા પગલે પગલે...	૭
મારા હૃદય સિંહાસન પર...	૭
કેવું ધન્ય જીવન જીવે છે મુનિરાય...	૮
તમારા વચનોમાં...	૮
વિરતિધરનો વેશ પ્યારો પ્યારો...	૯
શ્વાસ તમારા નામે પ્રભુવર!...	૯
હવે જીવવું તમારા પ્રદેશે	૧૦
હવે તે મુનિ બન્યા...	૧૦
ઓ સંયમસાધક શૂરવીરો!	૧૧
આજ જિનરાજ મુજ...	૧૨
ચરણોં મેં તેરે રહકર...	૧૨
વૈરાગીને વંદન	૧૩
માતા-પુત્ર સંવાદ...	૧૩
આ છે અણગાર અમારા	૧૪
મુક્તિતણાં સપનાં	૧૫
પરમની સફર	૧૫
સંયમ જીવન છે, જીવન સંયમ છે.	૧૬
શ્રમણોનું જીવન	૧૭
સંયમનો પથ છે સુંદર	૧૮
પ્યારો રે ઓઘો પ્યારો રે	૧૯
કોઇ લાલ-લાલ	૧૯
ધન ધન મુનિવરાં	૨૦
પંચમકાળ મેં	૨૦
સારી દુનિયામાં થાજો લીલાલહેર	૨૧
અહા ! કેવું ભાગ્ય જાગ્યું	૨૧
આ પાપમય સંસાર	૨૨
ચારિત્રમાં મુજ મન વસો	૨૫
અણગાર સાચો વીરનો ક્યારે બનીશ	૨૭
કેસરિયો રંગ	૨૮
હોજો જયજયકાર	૩૧
સાધનાના પંથે આજે	૩૧
ક્યારે બનીશ હું સાચો રે સંત ?...	૩૨
સંયમ જીવનનો લેવો મારગડો	૩૩
આ કાળમાં સાધુ થનારા મહાન	૩૩
રૂડા રાજમહેલને ત્યાગી	૩૪

સંયમ ક્યારે મળશે ?

સિદ્ધિ માટે ગાવી પડે, સાધનાની સરગમ...
આખરે તો લીધું સંયમ, પ્રભુજીએ સ્વયમ્...
એ સંયમ ક્યારે મળશે, ક્યારે ક્યારે મળશે,
મુજને ક્યારે મળશે, સંયમ ક્યારે મળશે...

હતું રાજપાટ, હતા એ સમ્રાટ, તો ય વીરે લીધી વિરતિની વાટ...
સંગમ જેવા આવે, સ્વામીને સતાવે, સઘળું સહન કર્યું, સ્વામીએ સમભાવે...

સુખ સામગ્રી ને સુવિધાઓ, સળગાવીને સઘળું,
સાચુ સુખ મેળવવા માંડ્યું, સંયમ પંથે ડગલુ,
એ સંયમ ક્યારે મળશે, ક્યારે ક્યારે મળશે?
ઓ મુજને ક્યારે મળશે, સંયમ ક્યારે મળશે...

અનાદિ સમયથી, મેં ભ્રમણ કીધું, એમાં વાર અનંતી, રજોહરણ લીધું...
હવે ભાવના છે, એ જ કામના છે, આ જ પ્રાર્થના છે, કરું સાધના જે...

એવી મુજને મળજો શક્તિ, ને ટળજો આસક્તિ,
મોહતણાં આ બંધનમાંથી, મળજો મુજને મુક્તિ,
એ મુક્તિ ક્યારે મળશે, વિરક્તિ ક્યારે ફળશે,
આસક્તિ ક્યારે ટળશે, મુક્તિ ક્યારે મળશે...

મને વેશ શ્રમણનો મળજો રે...

મને વેશ શ્રમણનો મળજો રે, મને વેશ શ્રમણનો ફળજો રે,
મમતા મોટાઈ મોહમાયાના... બંધન સઘળાં ટળજો રે... ૧

પંચ મહાવ્રત પાળું હું પાવન... નિર્દોષને નિષ્કલંક,
સમતામાં લયલીન રહેવું... સરખા રાય ને રંક,
આંખ ઈર્યાસમિતે ઢળજો રે... મને વેશ શ્રમણનો... ૨

આઠ પહોરની સાધના કાજે... વહેલી પરોઢે હું જાગું,
શ્વાસો લેવા માટે પણ હું... ગુરુની આજ્ઞા માગું,
મન ગુરુઆણાએ ભળજો રે... મને વેશ શ્રમણનો... ૩

સૂત્ર અર્થ ને સ્વાધ્યાય સાધી... શાસ્ત્રો સઘળાં વાંચું,
જિનવાણીનું પરમ રહસ્ય... પામી અંતર રાચું,
મારી અજ્ઞાનતા સવિ ટળજો રે... મને વેશ શ્રમણનો... ૪

આહારમાં રસ હોય ન કોઈ... ઘેર-ઘેર ગોચરી ભમવું,
ગામોગામ વિચરતાં રહેવું... કષ્ટ અવિરત ખમવું,
મારા કર્મો નિર્જરી જાજો રે... મને વેશ શ્રમણનો... ૫

દ્વેષ જીવનમાં કોઈ નથી રે... રાગનાં બંધન ત્યાગું,
મોહ માયાને તજવા માટે... ગુરુકુલવાસને માગું,
મારા સઘળાં કષાયો ટળજો રે... મને વેશ શ્રમણનો... ૬

આજીવન અણિશુદ્ધ રહીને... પામું અંતિમ મંગલ,
સાધી સમાધિ મોક્ષને પંથે... આતમ રહે અવિચલ,
મારી સદ્ભાવનાઓ ફળજો રે... મને વેશ શ્રમણનો... ૭

તારા ગુણોની પાટ મને...

(અમુક જ કડી લીધેલ છે)

તારા ગુણોની પાટ મને આપ મારા સ્વામી !
મને તારા મારગતણાં ઓરતા...
તારા ઉજળા તે વેશ મને આપ મારા સ્વામી !,
મને સંયમનાં રંગતણા ઓરતા... ૧

તારું સાન્નિધ્ય મળે તારો સાથ મને મળે,
તારા આશિષ મુજને ગમતાં...
તારી આજ્ઞા મળે મારી સાધના ફળે,

એવા અરમાન હૃદિયે રમતાં...
આ સંસાર સાગર તરાવ મારા સ્વામી !... મને૦...

જા સંયમ પંથે દીક્ષાર્થી

(રચના : પ્રવીણ દેસાઈ)

જા સંયમ પંથે દીક્ષાર્થી... તારો પંથ સદા ઉજમાળ બને...
જંજીર હતી જે કર્મોની... તે મુક્તિની વરમાળ બને... જા સંયમ.

હોંશે હોંશે તું વેશ ધરે... તે વેશ બને પાવનકારી,
ઉજ્જવળતા એની ખૂબ વધે... તને ભાવથી વંદે સંસારી,
દેવો પણ ઝંખે દર્શનને... તારો એવો દિવ્ય દેદાર બને... જા સંયમ.

જે જ્ઞાન તને ગુરુએ આપ્યું... તે ઊતરે તારા અંતરમાં,
રગરગમાં એનો સ્રોત વહે... તે પ્રગટે તારા વર્તનમાં,
તારા જ્ઞાનદીપકના તેજ થકી... આ દુનિયા ઝાકઝમાળ બને... જા સંયમ.

વીતરાગતણાં વચનો વદતી... તારી વાણી હો અમૃતધારા,
જે મારગ ઢૂંઢે અંધારે... તારાં વેણ કરે ત્યાં અજવાળાં,
વૈરાગ્યભરી મધુરી ભાષા... તારા સંયમનો શણગાર બને... જા સંયમ.

જે પરિવારે તું આજ ભળે... તે ઉન્નત હો તુજ નામ થકી,
જીતે સહુનો તું પ્રેમ સદા... તારાં સ્વાર્થ વિહોણાં કામ થકી,
શાસનની જગમાં શાન વધે... તારા એવા શુભ સંસ્કાર બને... જા સંયમ.

અણગારતણાં જે આચારો... તેનું પાલન તું દિનરાત કરે,
લલચાવે લાખ પ્રલોભન પણ... તું ધર્મતણો સંગાથ કરે,
સંયમનું સાચું આરાધન... તારા તરવાનો આધાર બને... જા સંયમ.

પ્રભુનાં મારગડે જા રે

પ્રભુનાં મારગડે જા રે વીરા, મારગડો ઉજમાળ બને.
વૈરાગી સાચો થઈ જા રે... મારગડો ઉજમાળ બને.

ઉછળે છે ઉર્મિઓ આજે ઉરે, કાળજાનો કટકો થાશે દૂરે,
કેમ કરી છૂટશે સંગ તારો, હૈયું આ તારા રે વિરહે ઝૂરે,
પાછું વાળીને ના જો'તો... વીરા. મારગડો...

તારા રે સ્મિતમાં ગીતો હતાં, પડછાયા તારા મનમીત હતા,
તારા વિના કેમ રહેશું હવે, તારા રે સ્નેહ સંગીત હતા,
હૈયાનાં સગપણ ના છૂટે... વીરા... મારગડો...

સંસાર તુજને લાગ્યો ખારો, છૂટશે હવે સંગાથ તારો,
યાદ આવશે સથવાર તારો, ક્યારે રે આવશે મારો વારો,
મોહ ઘેલી મમતા ના તૂટે... વીરા... મારગડો...

હોંશે-હોંશે તું વેશ ધરે, મુક્તિતણું વરદાન બને,
જીવન હો તારું એવું ઉજ્જવળ, દેવના દેવ તુજ સેવા કરે,
આશીષ અંતરનાં લઈ જા રે... વીરા... મારગડો...

પગલે-પગલે ઝળકે સંયમ જ્યોતિ, તપ અને ત્યાગનાં વરસે મોતી,
કરજે સદાય એ વેશનું જતન, ઉજળા એ વેશને લાખો નમન,
સાચું આરાધન તું કરજે... વીરા... મારગડો...

સૂનાં પડ્યાં સૌ સપનાં અમારા, વ્યાકુળ સઘળાં સ્વજનો તારાં,
તારી ખુશીમાં હરખતાં હૈયાં, તૂટી પડ્યાં આજે વિરહે તારાં,
મહાવીરનું જીવન તું જીવજે... વીરા... મારગડો...

ઓઘો છે અણમૂલો

(રચના : પ્રવીણ દેસાઈ)

ઓઘો છે અણમૂલો... એનું ખૂબ જતન કરજો...
મોંઘી છે મુહપત્તિ... એવું રોજ રટણ કરજો...

આ વેશ તને આપ્યો... અમે એવી શ્રદ્ધાથી...
ઉપયોગ સદા કરજો... તમે પૂરી નિષ્ઠાથી...
આધાર લઈ એનો... ધર્મારાધના કરજો... ઓઘો...

આ વેશ વિરાગીનો... એનું માન ઘણું જગમાં...
મા-બાપ નમે તમને... પડે રાજા પણ પગમાં...
આ માન નથી મુજને... એવું અર્થઘટન કરજો... ઓઘો...

આ ટુકડા કાપડાના... કદી ઢાલ બની રહેશે...
દાવાનળ લાગે ત્યારે... દીવાલ બની રહેશે...
એના તાણાવાણામાં... તપનું સિંચન કરજો... ઓઘો...

આ પાવન વસ્ત્રો છે... તારી કાયાનું ઢાંકણ...
બની જાયે ના જો જો... એ માયાનું ઢાંકણ...
ચોખ્ખું ને ઝગમગતું... દિલનું દર્પણ કરજો... ઓઘો...

મેલાં કે ધોયેલાં... લીસાં કે ખરબચડાં
ફાટેલાં કે આખાં... સૌ સરખાં છે કપડાં
જ્યારે મોહદશા જાગે... ત્યારે આ ચિંતન કરજો... ઓઘો...

આ વેશ ઉગારે છે... એને જે અજવાળે છે...
ગાફેલ રહે એને... આ વેશ ડૂબાડે છે...
ડૂબવું છે કે તરવું... મનમાં મંથન કરજો... ઓઘો...

એકલની પગદંડી આ તો...

(રાગ : એક જનમ્યો રાજદુલ્હારો...)

એકલની પગદંડી.. આ તો... એકલની પગદંડી...
પુલ નથી અહીં નથી પાટીયું, ના લાલ કે લીલી ઝંડી.. એ૦..૧

પગલાં ધૂળમાં પૂર્વ પથિકના, શોધી શોધી જાવું,
પગલે પગલે પંથ ખૂલે છે, નહિ અધીરા થાવું,
રેત વંટોળે ક્યાંક ઘેરાવું, ક્યાંક લ્હેરખી ઠંડી.. એ૦..૨

રજનીના અંધારા ઢળશે, ડગ ભરશો ના પાછાં,
ટમટમતા તારલીયા દેશે, અજવાળાં કાંઈ આછાં,
ઝળહળ દીવા ભાળી આઘે, તજશો ના પગદંડી.. એ૦..૩

દંડ ધૈર્યનો હાથે ધરજો, શ્રદ્ધા ભાથું લેજો,
સત્ય પથારી શીલ ઓશીકું, જ્ઞાનનાં પાણી પીજો,
દિશા અગ્યારમી ઉઘડે જ્યાંથી, એવી ભીતરની પગદંડી.. એ૦..૪

પરથી થયા પરાયા...

પરથી થયા પરાયા... અમે સ્વના સગા થયા...
સંસારનો સાર સમજી... પરમના પથિક થયા...
આતમ થયો ઊજાગર... પરમાતમા થવા...
સંયમ!... મારો શ્વાસ... સંયમ!... પ્રભુનો અહેસાસ... ૧

કાયાનો મેલ ધોવા, કેટલા ભવો કર્યા,
આતમનો મેલ ધોવા, ગુરુનાં ચરણ મળ્યા,
ગુરુના વચનથી જાણે.. સિદ્ધિનાં દ્વાર ખૂલ્યા... સંયમ...૨

દુનિયાની દૃષ્ટિ છૂટી, અંતરનાં નયના ખૂલ્યા,
પ્રભુને પામવા હવે, પલ પલ તલસી રહ્યા,
પ્રીત પરમની પામવા.. પ્રભુના પગલે ચાલ્યા... સંયમ...૩

જગમાં મારું ન કોઇ, એ સત્યને સમજી ગયા,
આ આતમ એક જ મારો, એ સત્યને જાણી ગયા,
વીતરાગ જેવા બનવા... અમે વૈરાગી થયા... સંયમ...૪

પ્રભુ! તમારા પગલે પગલે...

પ્રભુ! તમારા પગલે પગલે, પા પા પગલી માંડી છે...
હવે તો અક્ષર પાડો પ્રભુવર!, મારી કોરી પાટી છે... ૧

બાળક છું હું, મને ખબર ક્યાં, શું છે સાચું જીવન,
પડી જાઉં ના ક્યાંયે પ્રભુ!, કરું રોમ રોમ સંજીવન,
સીંચન કરજો મારા કણ કણમાં, મારી સુક્કી માટી છે... ૨

બાળક પકડે માની આંગળી, એમ હું ઝાલું છું તમને,
વર્ષારાણી ભરે સરોવર, એમ ભરી દો અમને,
અમે અમારી હથેળીઓમાં, મિલનની રેખા આંકી છે... ૩

મારા હૃદય સિંહાસન પર...

(અમુક કડી જ લીધેલ છે)

મારાં હૃદયસિંહાસન પર, પ્રભુ! તું જ બિરાજે છે,
મને હર ક્ષણ એવું જ લાગે કે, તું મારી જ પાસે છે.. મારા૦ ૧

તેં જે જે કહ્યું કરવા, આ ભવમાં જ કરવું છે,
તારી આજ્ઞા પાળીને, ભવ પાર ઉતરવું છે,
તું મારો ખેવૈયો છે, હું તારે સહારે છું,
હવે ડૂબવું મારે શાને, તું જો મારી જ સાથે છે... મારા૦ ૩

તારા પંથે વિચરવામાં, હું સત્ત્વ નહીં હારું,
ભલે આવે કસોટી લાખ, તારો માર્ગ નહીં ત્યાગું,
તું પથદર્શક મારો, હું તારો પ્રવાસી છું,
હવે ભૂલો પડું શાને, તું જો મારી સમીપે છે... મારા૦ ૪

કેવું ધન્ય જીવન જીવે છે મુનિરાય...

(રાગ : શબ્દમાં સમાય નહિં...) (અમુક જ કડી લીધેલ છે)
(રચના : પૂ.પં.શ્રી મોક્ષરતિવિ.મ.સા.)

કેવું ધન્ય જીવન... જીવે છે મુનિરાય,
નિરખું ને આંખોમાં... અમૃત છલકાય;
દુ:ખ દે ના કોઈને... સહન કરે છતાંય,
મુખડા પર સમતા ને... શાંતિ સદાય... નિરખું ને૦..૧

જરૂરત વિચારે... પસંદગી ન રાખે,
શોધે નિર્દોષ જિન-વચનોની સાખે,
ધૈર્ય એનું એવું... કે મેરુ શરમાય... નિરખું ને૦..૩

જો મળશે તો કરશું... સંયમની પુષ્ટિ,
મળશે ના તો ધરશું... મનથી સંતુષ્ટિ,
મુનિવરના ભાવોની... શી વાત થાય... નિરખું ને૦..૪

તમારા વચનોમાં...

(અમુક જ કડી લીધેલ છે) (રચના : પૂ.પં.શ્રી મોક્ષરતિવિ. મ.સા.)

તમારા વચનોમાં, તમારા સ્તવનોમાં, સમય વીતાવીશ હું,
મારા નાથ, પ્યારા નાથ...
તમારા ચરણોમાં, તમારા સ્મરણોમાં, હૃદયને રાખીશ હું,
મારા નાથ, પ્યારા નાથ...

છોડ્યું છે તે નહીં સંભારું,
જે મેળવવા નીકળ્યો છું તે ધ્યેય નહીં વિસારું...
તમને મનગમતું, ગુણોથી ઝગમગતું, જીવન જીવીશું હું...
મારા નાથ, પ્યારા નાથ...

સ્વાધ્યાય-સેવા સંયમયોગો,
કાળ અનંતે આજે મળ્યા છે આ સુંદર સંયોગો...
આના સંગે હું, તમારા રંગે હું, તન-મન રંગીશ હું...
મારા નાથ, પ્યારા...

વિરતિધરનો વેશ પ્યારો પ્યારો...

વિરતિધરનો વેશ.. પ્યારો પ્યારો લાગે રે...
સંસારીનો સંગ.. ખારો ખારો લાગે રે... વિરતિ૦ ૧

ભવસાગર છે ભારી, મુજને તરતાં ન ફાવે,
તરવાની ઘણી હોંશ, મુજને કોણ હવે ઉગારે,
સંયમનો આ પંથ.. તારણહારો લાગે રે.. વિરતિ૦ ૨

સાચા સુખને શોધું છું, મને મારગ કોણ દેખાડે,
આંગળી મારી પકડી, મુજને મુક્તિપંથ બતાવે,
સદ્‌ગુરુનો સંગ.. એક જ સાચો લાગે રે.. વિરતિ૦ ૩

રજોહરણ મેળવવાને હવે, મન મારું લોભાયું,
ગુરુકુળમાં વસવાને કાજે, દિલ મારું લલચાયું,
મહાવીર તારો માર્ગ... કામણગારો લાગે રે... વિરતિ૦ ૪

શ્વાસ તમારા નામે પ્રભુવર!...

(રચના : પૂ.પં.શ્રી ઉદયરત્નવિ.મ.સા.) (રાગ : સાચું તારું નામ જગમાં...)

શ્વાસ તમારાં નામે પ્રભુવર!, શ્વાસ તમારાં નામે,
અમે અમારું જીવતર લખીયું, નાથ! તમારાં નામે... શ્વાસ૦..૧

પંખી જાગે તે પહેલા તો, નિંદ અમારી ભાગે,
આંખ ખૂલે ત્યાં શ્રમણો તારા, અજવાળાં સમ લાગે,
સાધુજીવનના અરમાનો દે, તાત તમારાં નામે... શ્વાસ૦..૨

ધન્ય તે રાત્રિ ધન્ય તે દિવસો, ધન્ય ધન્ય સહુ ગાશે,
અણગારી બનવાના મારા, પુણ્ય ઉદય જબ થાશે,
અમારા નવતર જીવનની, શરૂઆત તમારા નામે... શ્વાસ૦..૩

હવે જીવવું તમારા પ્રદેશે

(રાગ : ઈતની શક્તિ હમે...) (રચના : પૂ.પં.શ્રી ઉદયરત્નવિ.મ.સા.)

હવે જીવવું તમારા પ્રદેશે, મારે રહેવું પ્રભુ તારા વેશે...
લોક સઘળું ભલે અમને ચાહે, પણ હૈયું તમારું જ રહેશે...

પાંચ સમિતિ થજો મારી જનની, લઉં સમતાથી સંભાળ મનની...
વાત વૈરાગ્યરસની કરીશું, અને જીવતર ગુરુને ધરીશું...
આખી દુનિયા ભલે કાંઇ કહેશે... મારે રહેવું...

કોઈ જીવને પીડા નવિ થાજો, એમ મુનિવર બની લઉં હું કાજો..
કેવું નિર્દોષ - નિષ્પાપ જીવન, એવી કરૂણાથી ભીંજાય તન-મન...
શુભ્ર ભાવો સતત જ્યાં ઊછળશે... મારે રહેવું...

અમે મહાવીર પ્રભુના ગણાશું, ન સતાવે ઉદાસીન આંસુ...
નહીં કર્મોના 'ઉદય'ની ભીતિ, ના રહે કોઈ સંસાર પ્રીતિ...
હવે સંસાર સાગર ન રહેશે... મારે રહેવું...

હવે તે મુનિ બન્યા...

(રચના : પૂ.પં.શ્રી ઉદયરત્નવિ. મ.સા.)

સંયમનો સજીને વેશ, વિચરશે દેશ વિદેશ... હવે તે મુનિ...
પહેરીને વીરનો વેશ, છોડીને મનોહર કેશ... હવે તે મુનિ...

પગલે પગલે તેનાં, નયનો હવે ઢળશે...
એના થકી જગને, શાતા સદા મળશે...
ગુરુ સેવામાં ઘેલા, એનાં વસ્ત્ર હશે મેલાં... હવે તે મુનિ...

તેની વાચામાં હરદમ, પ્રભુનાં વચનો વહેશે...
એના હોઠ ખૂલે પહેલાં, ઉપયોગ સદા રહેશે...
એની વાણીમાં સંસ્કાર, ના હોય કદી સંસાર... હવે તે મુનિ...

તેની અવિકારી આંખો, જોઈ નમે હૈયાં...
તેના પાવન જીવતરને, વંદન કરે દુનિયા...
આ સંઘતણો વિશ્વાસ, એ બને ગુરુનો શ્વાસ... હવે તે મુનિ...

ફિકર નહીં ભોજનની, ચિંતા નહી કાયાની...
સંગ્રહ નહીં વસ્તુનો, મૂર્ચ્છા નહી માયાની..
એનો પુણ્ય ‘ઉદય’ થાશે, દેવો પણ ગુણ ગાશે... હવે તે મુનિ...

ઓ સંયમસાધક શૂરવીરો!

ઓ સંયમસાધક શૂરવીરો! તુજ માર્ગ સદા મંગળ હોજો...
કુકર્મો સાથે યુદ્ધ કરી, જય જય મુક્તિ માળા વરજો....

સંયમપથ છે કંટક ભરીયો, ઉપસર્ગ પરિષહનો દરિયો,
હૈયામાં હામ ધરી પૂરી, નિજ આત્મસ્વરૂપે લીન રહેજો... કુકર્મો...

જિન આણાતણું પાલન કરજો, ગુરુભક્તિનાં રસીયા સદા બનજો,
સવિ જીવ પ્રતિ સમભાવ ધરી, તપ ત્યાગ વિરાગે મન ધરજો... કુકર્મો...

જે શ્રદ્ધાથી સંયમ લેતા, એ શ્રદ્ધા જીવનભર ના મૂકતા,
ઈર્ષ્યા નિંદાદિક દોષ ત્યજી, ગુણરત્નોથી જીવન ભરજો... કુકર્મો...

તજી માયા પ્રપંચ ભરી દુનિયા, સહુ સ્વજન સંબંધી સ્વારથીયા,
ગુરુદેવ તણાં ચરણો સેવી, નિર્મળ સંયમ સુખમાં રમજો... કુકર્મો...

આજ જિનરાજ મુજ...

(અમુક જ કડી લીધેલ છે) (રચના : મહો.યશોવિ.)
(રાગ : તાર મુજ તાર મુજ...)

આજ જિનરાજ! મુજ કાજ સિધ્યાં સવે, વિનતિ માહરી ચિત્ત ધારી;
માર્ગ જો મેં લહ્યો તુજ કૃપારસ થકી, તો હુઈ સંપદા પ્રગટ સારી... ૧

તું વસે જો પ્રભુ! હર્ષભર હિયડલે, તો સકલ પાપના બંધ તૂટે;
ઉગતે ગગન સૂરય તણે મંડલે, દશ દિશિ જિમ તિમિર પડલ ફૂટે... ૩

આણ જિનભાણ! તુજ એક હું શિર ધરું, અવરની વાણી નવિ કાને સુણીએ;
સર્વ દર્શન તણું મૂલ તુજ શાસન, તેણે તે એક સુવિવેક થુણીએ... ૬

તુજ વચન રાગ સુખસાગરે હું ગણું, સકલ સુર મનુજ સુખ એક બિંદુ;
સાર કરજો સદા દેવ! સેવક તણી, તું સુમતિ કમલિની વન દિણિંદુ... ૭

ચરણોં મેં તેરે રહકર...

ચરણોં મેં તેરે રહકર ભગવન્, પ્યાર હી પ્યાર મિલા,
શ્રદ્ધા સે જબ પૂજા મૈંને, બ્રહ્મ કા જ્ઞાન મિલા... ચરણોં૦..૧

તુજ સંગ કૈસી પ્રીત લગી કિ, છૂટા જગ મુજ સે,
જાદુ તૂને ઐસા કિયા કિ, છૂટા જગ મુજ સે,
બંધન સારે તૂટ ગયે જબ, તૂને બાંધ લીયા... ચરણોં૦..૨

ગુઝર ગયા હર પલ દુઃખ કા, જબ તેરા ધ્યાન કિયા,
હર મુશ્કિલ આસાન હુઈ, જબ તુને સાથ દિયા,
મોહ માયા મેં ફસા હુઆ મેં, અબ આઝાદ હુઆ... ચરણોં૦..૩

જીના મરના સીખા ભગવન, જગ મેં જીકર કે,
જીતે જી મર જાના કૈસે, સીખા અબ તુજ સે,
તૂ હી હૈ અબ માઝી મેરા, નૈયા પાર લગા... ચરણોં૦..૪

ઝહર ભી પીના કહ દે અગર તૂ, વહ ભી પી લેંગે,
રાજી જિસમેં તૂ હૈ ભગવન, ઐસે જી લેંગે,
બિન પીયે મદહોશ હુઆ મૈં, કૈસા જામ પીયા... ચરણોં૦..૫

વૈરાગીને વંદન

બનવા અણગાર, તરવા ભવપાર
તોડ્યા જેણે સંસારના બંધન... વૈરાગીને વંદન...

ઓ દીક્ષાર્થી અમર રહો, દીક્ષાર્થીનો જયજય હો જો
ઓ મોક્ષાર્થી અમર રહો, મોક્ષાર્થીનો જય જય હોજો
ધન્ય ઘડી આવી છે આજે, ઘંટનાદ શંખનાદ બાજે
ત્યાગ કરે છે મુક્તિ કાજે, વિરલા વૈરાગી વૈરાગીને વંદન...

ભરી લો મનમાં સુખને છોડી, સુવિધાઓથી મુખને મોડી
કાયાની પણ મમતા તોડી, નીકલે વૈરાગી...
તુજમાં છે બલ, કર સંયમ સફલ, મહાવીરનો તું છે નંદન
વૈરાગીને વંદન...

સંસ્કારિતા ગઈ રે ભાગી, આધુનિકતાની ધૂન લાગી
આવા સમયમાં વૈરાગીના, દર્શન કરે તે સોભાગી
આવા યુગમાં પડતા યુગમાં દુર્લભ છે આવા દૃશ્યનું સર્જન
વૈરાગીને વંદન...

માતા-પુત્ર સંવાદ...

માતા : જેવા તેવાનું કામ નથી આ, માડંવો કદમ વિરાટ
અહીં ના બિછાવી રાખી કોઈએ, મખમલની સુખ-ખાટ (૨)
વત્સ! તું માંડે કદમ વિરાટ

પુત્ર : વાત છે તારી સાચી અહીંયા, ખાટ નથી મખમલની,
મ્હારે તો જરૂર છે તારા, આશિષ કેરાં બલની (૨)
માત! હું માંડુ કદમ વિરાટ, માત! મને આપો આશીર્વાદ

માતા : કષ્ટ ભરેલો મારગ તારો, કંટક છાયીં વાટ
ફૂલ નથી વેરેલાં અહીયાં, વાટ ન સીધી સપાટ (૨)
વત્સ! તું માંડે કદમ વિરાટ

પુત્ર : સંકટ આવે, કંટક આવે, મારગમાં કે પગમાં
આ મારગ વિણ બંધનમાંથી, મુક્તિ નથી આ જગમાં (૨)
માત! હવે માંડુ કદમ વિરાટ

માતા : જાય છે તો રજોહરણને, બનાવજે તલવાર
એ તલવારની ધારથી કરજે, કર્મોનો સંહાર (૨)

વત્સ! તારો હોજે જયજયકાર, વત્સ! હવે કરજે નિજ નિસ્તાર (૨)

પુત્ર : માત! હવે કર તું પણ નિર્ધાર ચાલ મારી સાથે મુક્તિદ્વાર!
માંડ હવે તું પણ કદમ વિરાટ

આ છે અણગાર અમારા

(રચના : પ્રવીણ દેસાઈ)

જેના રોમરોમથી ત્યાગ અને સંયમની વિલસે ધારા
આ છે અણગાર અમારા...

દુનિયામાં જેની જોડ જડે ના એવું જીવન જીવનારા...
સામગ્રી સુખની લાખ હતી... સ્વેચ્છાએ એણે ત્યાગી...
સંગાથ સ્વજનનો છોડીને... સંયમની ભિક્ષા માંગી...
દીક્ષાની સાથે પંચ મહાવ્રત... અંતરમાં ધરનારા... આ છે...

ના પંખો વીંઝે ગરમીમાં... ના ઠંડીમાં કદી તાપે...
ના કાચા જળનો સ્પર્શ કરે... ના લીલોતરીને ચાંપે...
નાનામાં નાના જીવતણું પણ... સંરક્ષણ કરનારા... આ છે...

જૂઠું બોલીને પ્રિય થવાનો... વિચાર પણ ના લાવે...
યા મૌન રહે યા સત્ય કહે... પરિણામ ગમે તે આવે...
જાતે ના લે કોઈ ચીજ કદી... જો આપો તો લેનારા... આ છે...

ના સંગ કરે કદી નારીનો... ના અંગોપાંગ નિહાળે...
જો જરૂર પડે તો વાત કરે... પણ નયનો નીચાં ઢાળે...
મનથી વાણીથી કાયાથી... વ્રતનું પાલન કરનારા... આ છે...

ના સંગ્રહ એને કપડાંનો... ના બીજા દિવસનું ખાણું...
ના પૈસા એની ઝોળીમાં... ના એના નામે થાણું...
ઓછામાં ઓછા સાધનમાં... સંતોષ ધરી રહેનારા... આ છે...

ના છત્ર ધરે કદી તડકામાં... ના ફરે કદી વાહનમાં...
મારગ હો ચાહે કાંટાળો... પહેરે ના કાંઈ પગમાં...
હાથેથી સઘળા વાળ ચૂંટે... માથે મુંડન કરનારા... આ છે...

કલ્યાણ જીવોનું કરવા કાજે... વિચરે દેશ વિદેશે...
ના રાયરંક કે ઊંચનીચ... સરખાં સૌને ઉપદેશે...
અપમાન કરો યા સન્માનો... સમતાભાવે રહેનારા... આ છે...

મુક્તિતણાં સપનાં

(રચના : પ્રવીણ દેસાઈ) (અમુક કડી જ લીધેલ છે)

મુક્તિતણાં સપનાં, જોયાં ઘણાં ભવમાં,
હવે આ ભવે સપના બધાં સાકાર કરી લે, ભવપાર કરી લે...
મુક્તિતણાં સપનાં...

ભોગ અને ભોજન મળ્યા'તા સૌ ભવમાં,
ત્યાગ અને સંયમ મળ્યાં છે આ ભવમાં,
મનને મનાવીને હવે તૈયાર કરી લે, ભવપાર કરી લે...
મુક્તિતણાં સપનાં...

પરમની સફર

પરમની સફરના, એક જ સથવારમાં, શ્વાસથી અધિક વિશ્વાસ...
ગુરુ વચન પર અંતર બહુમાનથી, પ્રગટે અજબ ઉલ્લાસ...

મને સંયમ જીવનની રઢ લાગી... મારા સ્વામી...
મને પરમ તણા પંથની રટ લાગી... મારા સ્વામી...

ગુરુ ચરણને તનમન જીવનના, પુષ્પોથી પૂજ દિન-રાત...
પાંપણ પલકાર પણ થાય ગુરુ આણથી પ્રગટે જીવન પ્રભાત...
મેં તો શ્રમણની સાધનાને માંગી... મારા સ્વામી...

ભવમાં ભટકતું ચેતનાનું પંખી, અંતર ઉપવનમાં આવે,
પાનખર વિરમે ને પ્રગટે વસંત ત્યાં, આનંદ ઉત્સવ પ્રગટાવે,
મારી અંતર સંવેદના રે જાગી... મારા સ્વામી...

કંટકોની કેડી પર વિચરે આનંદથી, પરિષહોને વધાવે,
વીરના મારગડે વીર બની ચાલે, કાયા સહિષ્ણુ બનાવે,
મારો આતમ થયો રે વૈરાગી... મારા સ્વામી...

પળના પ્રમાદ વિણ, સ્વાધ્યાય રટણા, કરતા શ્વાસોશ્વાસે,
ભાવ શ્રમણની ઉઘડે દિશાઓ, દોષો દૂરે નાશે,
મારું જીવન બને રે બડભાગી... મારા સ્વામી...

રાગ અને દ્વેષના બંધનો ટળ્યા ને, અંતરદશા અજવાળી,
જનમો જૂના અંધાર ટળ્યા તસ, પ્રગટી જ્યોતિ નિરાળી,
મારી ભવોભવની ભાવઠ રે ભાંગી... મારા સ્વામી...

સંયમ જીવન છે, જીવન સંયમ છે.

સમતા શાતા વૈરાગ્યનું આ સુંદર ઉપવન છે...
સંયમ જીવન છે, જીવન સંયમ છે...

કાલે હતો જે સંસારી જીવડો, આજે બની ગયો સંયમી દિવડો...
ઓઘો પાત્રા કામળી દાંડો એ, મુક્તિના સાધન છે... સંયમ.

પગમાં તારા છાલા પડશે, કર્મો ત્યારે ભડભડ બળશે...
વંદે સંસારી સહુ તુજને, જેનું જીવન ધનધન છે... સંયમ.

વાણીમાં તું અમૃત ભરજે, ગુરુજીની તું સેવા કરજે...
જો જો ના તૂટે આ દિલના ધાગા, આ સાગર છલોછલ છે... સંયમ.

શ્રમણોનું જીવન

શ્રમણોનું જીવન મૈત્રીનું ઉપવન
ઝરે સમતા ઝરણ, વહે સદ્‌ગુણ પવન... શ્રમણોનું જીવન.

ધરે નયણો નીચા નિત વિહારમાં રે લોલ
ભરે કરુણા કટોરા વિચારમાં રે લોલ...
મહાયોદ્ધા ખરા મોહને હણી રે લોલ,
પણ ચાલે જતનથી ભવથી ડરી રે લોલ... શ્રમણો.

સહે દેહે કઠોરતા આકરી રે લોલ,
પણ વાણી મધુરી સાકરી રે લોલ...
કરે ભિક્ષા મુનિ મધુકર સમી રે લોલ,
રહે આતમ સંતોષે ઉપશમી રે લોલ... શ્રમણો...

ફરે પડખું અગર નિદ્રામહીં રે લોલ,
ચૂકે ઉપયોગ ના પૂંજે સહી રે લોલ,
કરે વિહારને જયણા ધરી રે લોલ,
દીયે દાન અભય કરુણા કરી રે લોલ... શ્રમણો...

રમે શ્લોકે મુનિ નહીં લોકમાં રે લોલ,
રહે સ્વાધ્યાયમાં નહીં શોકમાં રે લોલ,
બોલે થોડું જરૂર, સદા મૌનમાં રે લોલ,
વહે ના કોઈ કટુતા વચનમાં રે લોલ... શ્રમણો...

ભલે ઉપસર્ગ આવે સ્મશાનમાં રે લોલ,
સદા તત્પર રહી નિજ ધ્યાનમાં રે લોલ,
બને સાધુ મગન રહે ધર્મ શરણ,
વધે મુક્તિ અગન સાધે સિદ્ધિ સદન... શ્રમણો...

સંયમનો પથ છે સુંદર

(રાગ : આ સૂરજ રોજ ઉગે છે...)

સંયમનો પથ છે સુંદર, જ્યાં ચાલે સ્વયં તીર્થંકર,
એ માર્ગ છે મોક્ષગમનનો, બતાવે મારા ગુરુવર,
ભવસાગર મારે તરવો છે, આત્મોદ્ધાર કરવો છે...

ચાર ગતિના ચોકમાં માનવભવ છે ન્યારો...
એ વિના મળતો નથી સંયમનો સથવારો,
ભવભ્રમણાને હણનારી, એ પ્રવજ્યા લાગે પ્યારી,
અપનાવી વેશ શ્રમણનો, ખીલશે ગુરુની ક્યારી... ભવસાગર...

રાગ દ્વેષને ભોગમાં રાચે તે સંસારી...
ત્યાગ અને વૈરાગ્યમાં ઝૂલે મુનિ અવિકારી,
જાગૃતિ રાખે હરપળ, પરિણતિને ધરતા નિર્મળ,
પ્રવૃત્તિ જયણા પૂર્વક, ચાખે છે મુક્તિના ફલ... ભવસાગર...

ગૌતમ સમ વિનયી બનીને કરશું સર્વ સમર્પણ...
સદ્‌ગુરુના ચરણોમાં અમે મનડું કરશું અર્પણ,
ગુરુ કહે તેમ હવે કરશું, આણાને મસ્તક ધરશું,
તપ જપની ધૂણી ધખાવી, મુક્તિ કન્યાને વરશું... ભવસાગર...

પ્રભુ કૃપાથી ગુરુ મળ્યા જેણે સાચો માર્ગ બતાવ્યો...
રાજનગરના આંગણે ઉત્સવ અનેરો આવ્યો,
ગુરુ હસ્તે રજોહરણ લેશું, ગુરુવરના ચરણે રહેશું,
ગુણોથી નિપુણ બનીને, આતમને ધન્ય કરશું... ભવસાગર...

પ્યારો રે ઓઘો પ્યારો રે

હે જિનરાયા ધ્યાવું તુજ પાયા,
યાદ આવે તારી સાધનાની છાયા...
તારો પ્રભુજી રે... જીવન જહાજ...
પ્યારો રે ઓઘો પ્યારો રે આપો રે ઓઘો રે આપો રે...

સાધનાની કેડીએ કષ્ટો ઘણા રે...
સહન કર્યા પ્રભુ તમે હસતા રે...
વીતરાગતાની મૂર્તિ તમે બનાવજો સાધના પુરુષ મને...
કર્મો પર વિજય મેળવી કરું, આત્મોદ્ધારનું સાજ ધરું... તારો...

જય જયકાર જય જયકાર આત્મોદ્ધારીનો જયજયકાર,
પાળજો તમે શુદ્ધ આચાર, પૂજ્ય ગુરુવર છે નિસ્તાર,
જિનાગમનો એક જ સાર, સંયમ વિના નહીં ઉદ્ધાર...

મળીયો રે મળીયો રે, ઓઘો મુજને મળીયો રે,
ફળીયો રે ફળીયો રે, માનવભવ મારો ફળીયો રે,
મળીયો રે મળીયો રે, ઓઘો મુજને મળીયો રે...

કોઇ લાલ-લાલ

કોઈ લાલ-લાલ આજ રૂડાં માંડવડાં બંધાવો,
કોઈ લીલી-પીળી ભાતનાં ચંદરવા બંધાવો,
આજે શુભદિન આવ્યો મારે આંગણિયે...
આજે પ્રભુજી પધારે મારે બારણિયે... કોઈ

કોઈ આસોપાલવનાં રૂડાં તોરણિયાં બંધાવો,
કોઈ કુમ-કુમ વરણીની ગહુંલી રચાવો,
આજે જિનજી (પ્રભુજી) પધાર્યા મારે અંતરિયે (બારણિયે)... કોઈ

ધન ધન મુનિવરાં

(રચના : પૂ.મુ.શ્રી ગુણહંસવિ.મ.સા.) (અમુક જ કડી લીધેલ છે)

ધન ધન તે મુનિવરાં રે, જે જિણ-આણા પાળે,
રાગ-દ્વેષને દૂર કરીને, આતમશુદ્ધિ ભાળે... ધન ધન...

કોઈ જીવને દુઃખ ન દેવું, એ નિશ્ચય મન ધારે,
પરદુઃખદાયી પ્રવૃત્તિને, સ્વપ્ને પણ નહીં ધારે... ધન ધન...

સાકરથી પણ મીઠાં વચનો, જેહ સદા ઉચ્ચારે,
પોતે સહન કરીને સૌનું, પૃથ્વીને શણગારે... ધન ધન...

દેહ તણી સુખશીલતાનાં યોગે, ભટક્યો ભવ અનંતા,
કટ્ટર શત્રુ માની દેહને, કષ્ટ બહુ જે દેતાં... ધન ધન...

પંચમકાળ મેં

(રચના : પ્રદીપ ઢાલાવત) (અમુક જ કડી લીધેલ છે)

પંચમકાળ મેં જો ઈન્સાન, સાધુ બને વો મહાન હૈ...
દેવોં સે રાજા સે બડા, જૈન મુનિકા માન હૈ... હો... હો...

સુખ ઔર ભોગ સે, રાગ કે રોગ સે, મિલન-વિયોગ સે રહે પરે,
સમતાધારે મમતા ત્યાગે, હર પરિષહ હઁસ કે સહે,
મહાવ્રતધારી યે અવિકારી, ધન જિનકા આગમ જ્ઞાન હૈ... પંચમ...

મૈત્રી ભાવના, મંગલ કામના, ક્ષમાપના હર પ્રાણી સે
તન મન વચનસે જૈન સાધુ, રખેં ઈન્દ્રિય નિગરાની મે
ન પ્રમાદ કરે, ન વિવાદ કરે, સમકિત કા દેતે દાન હૈ... પંચમ...

સિદ્ધશિલા કો, લક્ષ્ય મેં રખકે, જિનાજ્ઞા પાલન કરે,
તપ-જપ યોગ સે કર્મ ખપાતે, સદા યે પૈદલ હી ચલે,
કુદરત કે નિયમ નહીં તોડે કભી, પરહિત જીવન કા વિધાન હૈ... પંચમ...

સારી દુનિયામાં થાજો લીલાલહેર

સારી દુનિયામાં થાજો લીલાલહેર, અવસર એવો આવ્યો અમારે ઘેર...
પ્રભુ અમને મળી તમારી મહેર, અવસર એવો આવ્યો અમારે ઘેર...

સારી દુનિયાના જીવો સૌ સુખી થાજો...
સારી દુનિયાના પાપોનો નાશ થાજો...
અમે ભાવના ભાવીયે એણી પેર... અવસર એવો...

સારી દુનિયાના દુઃખો સૌ દૂર થજો...
સહુ જીવોને સદા સુખ શાંતિ હજો...
ભૂલી જાઓ જીવનમાં સહુ વેર... અવસર એવો...

સહુ જીવો આતમના અર્થી થજો...
સહુ જીવોનો મુક્તિમાં વાસ હજો...
વરસે ઘર-ઘરમાં સદાયે લીલા લહેર... અવસર એવો...

અહા ! કેવું ભાગ્ય જાગ્યું

(રચના : પૂ.લબ્ધિસૂરિ મ.સા.)

અહા! કેવું ભાગ્ય જાગ્યું, વીરનાં ચરણો મળ્યાં,
રોગ શોક દારિદ્ર્ય સઘળાં, જેહથી દૂરે ટળ્યાં... અહા !...

ફેરો ફર્યો છે દુર્ગતિનો, શુભગતિ તરફેણમાં
અલ્પ કાળે મોક્ષ પામી, વિચરશું આનંદમાં... અહા !...

જેમના તપનો ન મહિમા, કહી શકે શક્રેશ પણ
તેમને હું સ્તવું શું બાલક ?, શક્તિનો જ્યાં લેશ નહિં. અહા !...

કામધેનુ કામકુંભ, ચિંતામણી પ્રભુ! તું મલ્યો
આજ મારે આંગણે શ્રી, વીર કલ્પતરૂ ફળ્યો. અહા !...

લબ્ધિના ભંડાર વ્હાલા, વીર વીર જપતા થયા
ગૌતમશ્રી મોક્ષધામી, એ પ્રભુની ખરી દયા. અહા !...

આ પાપમય સંસાર

(રચના : હિરેન ઝવેરી)

(પ્રાણાતિપાત)

ડગલે અને પગલે સતત, હિંસા મને કરવી પડે,
તે ધન્ય છે જેને અહિંસા-પૂર્ણ જીવન સાંપડે,
ક્યારે થશે કરુણાઝરણથી, આર્દ્ર મારું આંગણું,
આ પાપમય સંસાર છોડી, શ્રમણ હું ક્યારે બનું ! ૧

(મૃષાવાદ)

ક્યારેક ભય ક્યારેક લાલચ, ચિત્તને એવાં નડે,
વ્યવહારમાં વ્યાપારમાં, જૂઠું તરત કહેવું પડે,
છે સત્યમહાવ્રતધર શ્રમણનું, જીવનઘર રળિયામણું,
આ પાપમય સંસાર છોડી, શ્રમણ હું ક્યારે બનું ! ૨

(અદત્તાદાન)

જે માલિકે આપ્યા વગરનું, તણખલું પણ લે નહિ,
વંદન હજાર વાર હો તે, શ્રમણને પળપળ મહીં,
હું તો અદત્તાદાન માટે, ગામ પરગામે ભમું,
આ પાપમય સંસાર છોડી, શ્રમણ હું ક્યારે બનું ! ૩

(મૈથુન)

જે ઇન્દ્રિયોને જીવનની ક્ષણ, એક પણ સોંપાય ના,
મુજ આયખું આખું વીત્યું, તે ઇન્દ્રિયોની સાથમાં,
લાગે હવે શ્રી સ્થૂલભદ્રતણું સ્મરણ સોહામણું,
આ પાપમય સંસાર છોડી, શ્રમણ હું ક્યારે બનું ! ૪

(પરિગ્રહ)

નવવિધ પરિગ્રહ જિંદગીભર, હું જેમાં કરતો રહ્યો,
ધન લાલસામાં સર્વભક્ષી, મરણને ભૂલી ગયો,

મૂર્ચ્છા રહિત સંતોષમાં, સુખ છે ખરેખર જીવનનું,
આ પાપમય સંસાર છોડી, શ્રમણ હું ક્યારે બનું ! ૫

(ક્રોધ)

અબજો વરસની સાધનાનો, ક્ષય કરે જે ક્ષણમહીં,
જે નરકનો અનુભવ કરાવે, સ્વ-પરને અહીં ને અહીં,
તે ક્રોધથી બની મુક્ત સમતાયુક્ત હું ક્યારે બનું,
આ પાપમય સંસાર છોડી, શ્રમણ હું ક્યારે બનું ! ૬

(માન)

જિનધર્મતરુનાં મૂલ જેવા, વિનય ગુણને જે હણે,
જે ભલભલા ઊંચે ચડેલાને ય તરણા સમ ગણે,
તે દુષ્ટ માનસુભટની સામે, બળ બને મુજ વામણું,
આ પાપમય સંસાર છોડી, શ્રમણ હું ક્યારે બનું ! ૭

(માયા)

શ્રી મલ્લીનાથ જિનેન્દ્રને, જેણે બનાવ્યા સ્ત્રી અને,
સંક્લેશની જાલિમ અગનમાં, જે ધખાવે જગતને,
તે દંભ છોડી સરળતાને, પામવા હું થનગનું,
આ પાપમય સંસાર છોડી, શ્રમણ હું ક્યારે બનું ! ૮

(લોભ)

જેનું મહાસામ્રાજ્ય એકેન્દ્રિય સુધી વિલસી રહ્યું,
જેને બની પરવશ જગત, આ દુઃખમાં કણસી રહ્યું,
જે પાપનો છે બાપ તે ધનલોભ મેં પોષ્યો ઘણો,
આ પાપમય સંસાર છોડી, શ્રમણ હું ક્યારે બનું ! ૯

(રાગ)

તન ધન સ્વજન જીવન ઉપર મેં, ખૂબ રાખ્યો રાગ પણ,
તે રાગથી કરવું પડ્યું, મારે ઘણા ભવમાં ભ્રમણ,

મારે હવે કરવું હૃદયમાં, સ્થાન શાસનરાગનું,
આ પાપમય સંસાર છોડી, શ્રમણ હું ક્યારે બનું ! ૧૦

(દ્વેષ)

મેં દ્વેષ રાખ્યો દુઃખ ઉપર તો, સુખ મને છોડી ગયું,
સુખ દુઃખ પર સમભાવ રાખ્યો, તો હૃદયને સુખ થયું,
સમજાય છે મુજને હવે છે, દ્વેષ કારણ દુઃખ તણું,
આ પાપમય સંસાર છોડી, શ્રમણ હું ક્યારે બનું ! ૧૧

(કલહ)

જે સ્વજન તન ધન ઉપરની, મમતા તજી સમતા ધરે,
બસ, બારમો હોય ચન્દ્રમા, તેને કલહ સાથે ખરે,
જિનવચનથી મઘમઘ થજો મુજ, આત્મના અણુએ અણુ,
આ પાપમય સંસાર છોડી, શ્રમણ હું ક્યારે બનું ! ૧૨

(અભ્યાખ્યાન)

જો પૂર્વભવમાં એક જૂઠું, આળ આપ્યું શ્રમણને,
સીતા સમી ઉત્તમ સતીની, રખડપટ્ટી થઈ વને,
ઈર્ષ્યા તજું બનું વિશ્વવત્સલ, એક વાંછિત મનતણું,
આ પાપમય સંસાર છોડી, શ્રમણ હું ક્યારે બનું ! ૧૩

(પૈશુન્ય)

મારી કરે કોઈ ચાડીચૂગલી, એ મને ન ગમે જરી,
તેથી જ મેં આ જીવનમાં, નથી કોઈ પણ ખટપટ કરી,
ભવોભવ મને નડજો કદી ના, પાપ આ પૈશુન્યનું,
આ પાપમય સંસાર છોડી, શ્રમણ હું ક્યારે બનું ! ૧૪

(રતિ અરતિ)

ક્ષણમાં રતિ ક્ષણમાં અરતિ, આ છે સ્વભાવ અનાદિનો,
દુઃખમાં રતિ સુખમાં અરતિ, લાવી બનું સમતાભીનો,

સંપૂર્ણ રતિ બસ, મોક્ષમાં હું, સ્થાપવાને રણઝણું,
આ પાપમય સંસાર છોડી, શ્રમણ હું ક્યારે બનું ! ૧૫

(પરપરિવાદ)

અત્યંત નિંદાપાત્ર જે આ, લોકમાં ય ગણાય છે,
તે પાપ નિંદા નામનું, તજનાર બહુ વખણાય છે,
તજું કામ નક્કામું હવે આ, પારકી પંચાતનું,
આ પાપમય સંસાર છોડી, શ્રમણ હું ક્યારે બનું ! ૧૬

(માયા મૃષાવાદઃ)

માયામૃષાવાદે ભરેલી, છે પ્રભુ ! મુજ જિંદગી,
તે છોડવાનું બળ મને દે, હું કરૂં તુજ બંદગી,
બનું સાચદિલ આ એક મારૂં, સ્વપ્ન છે આ જીવનનું,
આ પાપમય સંસાર છોડી, શ્રમણ હું ક્યારે બનું ! ૧૭

(મિથ્યાત્વશલ્ય)

સહુ પાપનું, સહુ કર્મનું, સહુ દુઃખનું જે મૂલ છે,
મિથ્યાત્વ ભૂંડું શૂલ છે, સમ્યક્ત્વ રૂડું ફૂલ છે,
નિષ્પાપ બનવા હે પ્રભુજી ! શરણ ચાહું આપનું,
આ પાપમય સંસાર છોડી, શ્રમણ હું ક્યારે બનું ! ૧૮

જ્યાં પાપ જ્યારે એક પણ, તજવું અતિ મુશ્કેલ છે,
તે ધન્ય છે જેઓ અઢારે, પાપથી વિરમેલ છે !
ક્યાં પાપમય મુજ જિંદગી, ક્યાં પાપશૂન્ય મુનિપણું,
આ પાપમય સંસાર છોડી, શ્રમણ હું ક્યારે બનું ! ૧૯

ચારિત્રમાં મુજ મન વસો

ચારિત્ર જો ના હોય તો સુજ્ઞાન પણ નિષ્ફળ રહે!
ચારિત્ર જો ના હોય તો સદ્દર્શનનમ્ નિર્બળ રહે!
સુજ્ઞાન દર્શન પણ સદા ચારિત્રયુક્ત સફળ રહે!
ચારિત્રમાં મુજ મન વસો, ચારિત્ર મુજ તનમાં વસો!

ચૂમે નિરંતર દેવતા ચારિત્રધરના ચરણને!
ઝંખે નિરંતર ઈન્દ્ર પણ ચારિત્રના આચરણને!
ચાહે નિરંતર ચિત્ત મુજ ચારિત્રના શરણને!
ચારિત્રમાં મુજ મન વસો, ચારિત્ર મુજ તનમાં વસો!

ષટ્ખંડ મહાસામ્રાજ્યમાં પણ જે મહાદુખ દેખતા!
તે ચક્રવર્તીઓ સદા ચારિત્રમાં સુખ દેખતા!
સિંહાસને બેસે છતાં ચારિત્ર સન્મુખ દેખતા!
ચારિત્રમાં મુજ મન વસો, ચારિત્ર મુજ તનમાં વસો!

વિશ્વે અનંતા કાળથી, ચારિત્રનો છે પંથડો;
આ પંથ પર ચાલ્યા અનંતા, જિનવરો ને ગણધરો;
આત્મા અનંતા શિવ વર્યા, ચારિત્રનો લઈ આશરો;
ચારિત્રમાં મુજ મન વસો, ચારિત્ર મુજ તનમાં વસો;

સમતા-વરસતી સાધના, કરુણા-છલકતી દૃષ્ટિ છે;
ચારિત્રધરની ચોતરફ, આનંદની અમીવૃષ્ટિ છે;
સંયમ અને સંતોષમય, ચારિત્રધરની સૃષ્ટિ છે;
ચારિત્રમાં મુજ મન વસો, ચારિત્ર મુજ તનમાં વસો!

ભિક્ષુક જુઓ એક જ દિવસ, ચારિત્ર પાળીને થયો;
સમ્રાટ સંપ્રતિ શાસ્ત્રમાં જે, 'ધર્મ ઉદ્ધારક' કહ્યો;
ચારિત્ર જેને સાંપડ્યું, આખો જનમ ઉત્સવ ભયો;
ચારિત્રમાં મુજ મન વસો, ચારિત્ર મુજ તનમાં વસો!

ચારિત્ર સ્વીકાર્યા પછી ચારિત્રપાલનની લહે-
અહમિન્દ્ર કરતાં પણ અધિક સુખ-એમ તીર્થંકર કહે!
ચારિત્રમાં આનંદનાં અનુપમ અમૃતઝરણાં વહે!
ચારિત્રમાં મુજ મન વસો, ચારિત્ર મુજ તનમાં વસો!

ચારિત્રધરના જીવનમાં, અગવડ નથી આફત નથી;
ચારિત્રધરના જીવનમાં, નથી ચાહ કે ચાહત નથી;
ચારિત્ર જેવી જગતમાં, કોઈ શહનશાહત નથી;
ચારિત્રમાં મુજ મન વસો, ચારિત્ર મુજ તનમાં વસો!

બાળક અને ચારિત્રધર તો તેય સુરવંદિત બને!
દેવો અને દેવેન્દ્ર તેને વંદી આનંદિત બને!
ચારિત્રધર્મ સ્વીકારવા મારું હૃદય સ્પંદિત બને!
ચારિત્રમાં મુજ મન વસો, ચારિત્ર મુજ તનમાં વસો!

અણગાર સાચો વીરનો ક્યારે બનીશ...

(રાગ : મંદિર છો...)

તે શ્રમણગણને ધન્ય છે, નિર્વાણ માર્ગે રત સતત,
તે શ્રમણીગણને ધન્ય છે, નિર્ગ્રંથતા સાધે સતત,
હું પણ પ્રભુ ક્યારે હવે, એ પરમના પંથે રમીશ,
અણગાર સાચો વીરનો, ક્યારે બનીશ, ક્યારે બનીશ ?

નિર્વાણ પથ સથવાર એ, રજોહરણ ક્યારે ગ્રહીશ ?
ગુરુ ગૌતમે જે વેશ ધરીયો, વેશ એ ક્યારે ધરીશ,
ગુરુવર તણા શુભ ચરણમાં હું ભ્રમર થઈ, ક્યારે રમીશ ?
અણગાર સાચો વીરનો, ક્યારે બનીશ, ક્યારે બનીશ ?

વૈરાગ્ય જ્યોતિ રોમે રોમે, ઝળહળા કરતી હશે,
સ્વાધ્યાયના શુભ ઘોષથી, મુજ હૃદય રણઝણતું હશે,
સંયમ તણી સુવાસથી, નિજ આતમા વાસીત કરીશ,
અણગાર સાચો વીરનો, ક્યારે બનીશ, ક્યારે બનીશ ?

ગુરુકૃપાનું હું કવચ પહેરી, ને સમત્વની ઢાલ લઈ,
વૈરાગ્યના શસ્ત્રો ગ્રહી, શીલાંગરથ આરૂઢ થઈ,
કુંજર સમા મહાશૌર્યથી, મહા મોહ સામે ત્રાટકીશ,
અણગાર સાચો વીરનો, ક્યારે બનીશ, ક્યારે બનીશ ?

સુવિશુદ્ધ આચારોતણું, પાલન કરીશ પ્રત્યેક પળ,
ગુરુઆણના ખોળે રમીશ, દિનરાત હું પ્રત્યેક પળ,
વિરાગની મદમસ્તીમાં, ત્રણ કાળ ભેદ ભૂલી જઈશ,
અણગાર સાચો વીરનો, ક્યારે બનીશ, ક્યારે બનીશ ?

જળમાં કમળની જેમ હું, સંસારથી અળગો રહીશ,
નિંદા-પ્રશંસા ઉભયમાં, આકાશની ઉપમા વહીશ,
વ્રત-ભાર વહેવાને વળી, વર વૃષભની ઉપમા ધરીશ,
અણગાર સાચો વીરનો, ક્યારે બનીશ, ક્યારે બનીશ ?

સઘળીય ગ્રંથિ ઉકેલીને, નિર્ગ્રંથ હું સાચો બનીશ,
આ દેહનું ય મમત્વ ત્યાગી, ક્યારે નિર્મમ હું બનીશ ?
સ્પૃહા રહેશે કોઈ ના મુજ, અંતરે નિઃસ્પૃહ બનીશ,
અણગાર સાચો વીરનો, ક્યારે બનીશ, ક્યારે બનીશ ?

નિર્વેદ અમૃત જળ થકી, મનને પખાળીને વળી,
સંવેગ રંગ તરંગથી, મન રંગીની સંગી બની,
મહાસુખ છે સાધુત્વનું, હું સર્વદા માણ્યા કરીશ,
અણગાર સાચો વીરનો, ક્યારે બનીશ, ક્યારે બનીશ...

કેસરિયો રંગ

(રચના : પૂ. આ. શ્રી ઉદયવલ્લભસૂરિ મ.સા.)

વંદન હો વીરને શૌર્યરસધારને,
સમતા ભંડાર વળી કરુણાવતારને;
આપનું શાસન પામી... આપ કને માંગતો,
કેસરિયો રંગ... જિનશાસનનો આપજો... કેસરિયો રંગ૦..૧

સાડા બાર વર્ષોની સાધનાના અંતમાં,
વૈશાખી સાંજે વસે જ્ઞાનની વસંતમાં;
વરસે જિન મેહુલો... જૈનત્વ વહાવતો... કેસરિયો રંગ૦..૨

ઈન્દ્ર-ચક્રી-રાજા-સુકાનીનાં પદતણું,
શાસનવિહીન હું મનુષ્યપણું અવગણું;
શાસન સુભટની... પદવી પ્રભુ! આપજો... કેસરિયો રંગ૦..૩

સત્તા-સૌંદર્ય-સુકાનને ન માપતો,
શાસનની તોલે હું કોડો ના માનતો;
દેવોના માલિકને... ઠીંગો બતાવતો... કેસરિયો રંગ૦..૪

રાજવીઓ મંત્રીઓ શ્રેષ્ઠીઓ ને શ્રાવકો,
વીરવચનવાહકો શાસનના ચાહકો;
આદર્શો એમના... અંતરે વસાવજો... કેસરિયો રંગ૦..૫

શાસનને કાજે જેણે સુખ સાહ્યબી ત્યજી,
શાસનને કાજે જેણે જિંદગી ધરી દીધી;
શાસન શહીદોને... અંજલિ હું આપતો... કેસરિયો રંગ૦..૬

વાયરો વિષમ તેથી મુજને ઉગારજો,
દઈને પ્રશમ કૂણાં કાળજાંને ઠારજો;
કાષ્ઠ સીસમશી મને... મક્કમતા આપજો... કેસરિયો રંગ૦..૭

કર્મથી ને કાળથી કુમિત્રોના વારથી,
રક્ષા કરજો મારી વાસના પ્રહારથી;
કાબરિયો ચીતરેલો... રંગ આ ઉતારજો, કેસરિયો રંગ૦..૮

વ્હાલા મારા વીરજી! વારસ બનાવજો,
શ્યામળ પાષાણ છું આરસ બનાવજો,
શ્રદ્ધાના સ્વર્ણસ્પર્શે... પારસ બનાવજો... કેસરિયો રંગ૦..૯

શાસનહીલનાને ટાણે અમ હૃદય દાઝતા,
પડકારો દેખીને આંખે અશ્રુ બાઝતા,
હૈયાના ભાવ ફળે... એવું બળ આપજો... કેસરિયો રંગ૦..૧૦

હિંમત ખૂટે ના કદી શ્રદ્ધા તૂટે ના;
શાસનના રાગ સામે કોઈ કદી ના;
શાંતિની પળમાં કે... સાહસની ચળવળમાં... કેસરિયો રંગ૦..૧૧

સૂર્ય તેજ સૂરિવરનું આંખે ચમકાવજો,
પુણ્ય તેજ તેમનું કાર્યમાં ઝળકાવજો;
જ્ઞાન તેજ તેમનું... બુદ્ધિએ સમાવજો... કેસરિયો રંગ૦..૧૨

શાસનની ચાલે મુજ પગલાં મંડાવજો,
શાસનના વ્હાલે મુજ આતમા પલાળજો;
શાસનના તાલે મુજ... રોમે રોમ નાચજો... કેસરિયો રંગ૦..૧૩

શાસન-આરાધના પળપળ હું માંગતો,
શાસન-પ્રભાવના હું ઘટ ઘટમાં ચાહતો;
શાસન-સેવાના રૂડા... અવસરિયા આપજો... કેસરિયો રંગ૦..૧૪

તારા શાસનનો છું પ્રેમી સદાયનો,
તારા શાસનનો હું ઋણી સદાયનો;
સેવક છું સૈનિક છું... તત્પરતા આપજો, કેસરિયો રંગ૦..૧૫

શાસનના દીવડામાં તન મનનું તેલ દઈ,
શાસનના કોડિયામાં જીવતરની વાટ થઈ;
પ્રગટેલા દીવડાને... પ્રગટેલો રાખજો... કેસરિયો રંગ૦..૧૬

ભવોભવ મળજો શાસન ભાવના એ ભાવજો,
પામ્યા શાસન તેની ધન્યતા અનુભાવજો;
અંતર કહે છે પછી... કર્મને હંફાવજો... કેસરિયો રંગ૦..૧૭

મારા અંતરની કાળાશ બધી કાઢજો,
સાધુ જીવનની સફેદી મને આપજો;
સર્વ જીવ મૈત્રીની... હરિયાળી આપજો... કેસરિયો રંગ૦..૧૮

અર્હંનો નાદ દિનરાત રહે ગાજતો,
સિદ્ધોની શુદ્ધિનું લક્ષ્ય હું સાધતો;
કેસરિયો ચાંદલો... ભાલે ચમકાવજો... કેસરિયો રંગ૦..૧૯

શ્વાસને શરીરથી અધિક ચહું શાસનમ્,
રોમ રોમે નાદ ગુંજે અહો! જિનશાસનમ્;
ભક્તિ, મૈત્રી, શુદ્ધિને... શૌર્યથી સજાવજો... કેસરિયો રંગ૦..૨૦

હોજો જયજયકાર

જિનશાસનમાં જનમ ધરી, સાર્થક કીધો અવતાર...
હોજો જયજયકાર, દિવ્યાતમા ! તવ હોજો જયજયકાર...
પૂર્વ જનમના પુન્ય સંયોગે કરી સાધના ભારી...
પિતૃ માતૃનાં નામ દીપાવ્યા, માની કૂખ ઉજાળી, તરી ગયા સંસાર...

તનમાં મનમાં રોમ રોમમાં, સ્મરણ પ્રભુનું વ્યાપ્યું...
ચંચળ ચિત્તને પ્રભુમયતામાં, સ્થિર કરીને સ્થાપ્યું,કર્યો અડગ નિરધાર...

માયા મમતા મોહનાં બંધન, મૂળથી અળગાં કીધાં...
વાઘાં દંભી દુનિયાનાં, પળભરમાં ફગાવી દીધા, સજ્યો સંયમ શણગાર...

રિદ્ધિ-સિદ્ધિ સુખ સમૃદ્ધિ, ખોટ જીવનમાં ન્હોતી...
મિથ્યા મોહ તજી મુક્તિની, નવલી કેડી ગોતી, લાગ્યું જગત અસાર...

સાધનાના પંથે આજે

સાધનાના પંથે આજે એક ઊંચો આતમ જાય,
આજ એને આપીએ અંતરના રૂડા આશીર્વાદ,
વહેલી વહેલી મળજો એને મુક્તિ મંઝિલ...

જ્યાં જુઓ ત્યાં લોકો આજે સુખના સાધન માંગે છે,
ને દુઃખથી છેટા ભાગે છે.

વિરલા કોઈ નીકળે છે જે સુખસામગ્રી ત્યાગે છે.
ને કષ્ટ કસોટી માંગે છે.

વડલાનો છાંયો છોડીને... રણના રસ્તે તપવા જાય...
આજ એને આપીએ...

ધર્મતણા મારગમાં જાતાં લોકો હાંફી જાય છે,
ને વચમાં બેસી જાય છે.
અભિનંદન એ આત્માને જે લાંબી સફરે જાય છે,
ને હોંશે હોંશે જાય છે.
નાનું એવું બાળક જાણે... મોટો ડુંગર ચઢવા જાય...
આજ એને આપીએ...

રાગદ્વેષના આ દરિયામાં કૈંક જીવો ખેંચાય છે,
ને અધવચ ડૂબકાં ખાય છે,
એ આત્માને વંદન હો જે સમયે જાગી જાય છે,
ને ડૂબતાં ઉગરી જાય છે,
સંયમનો સથવારો લઈને... ભવનો સાગર તરવા જાય...આજ એને...

ક્યારે બનીશ હું સાચો રે સંત ?...

ક્યારે બનીશ હું સાચો રે સંત ? ક્યારે થશે મારા ભવનો રે અંત

લાખ ચોરાશીના ચોરે ને ચૌટે, ભટકી રહ્યો છું મારગ ખોટે,
ક્યારે મળશે મુજને મુક્તિનો પંથ?... ક્યારે થશે...

કાળ અનાદિની ભૂલો છૂટે ના, ઘણું યે મથું તોયે પાપો ખૂટે ના,
ક્યારે તોડીશ એ પાપોનો તંત... ક્યારે થશે...

છ કાય જીવની હું હિંસા રે કરતો, પાપો અઢારે જરી ના વિસરતો,
મોહ માયાનો હું રટતો રે મંત્ર... ક્યારે થશે...

પતિત પાવન ઓ પ્રભુજી! ઉગારો, રત્નત્રયીનો હું યાચક તારો,
ભક્ત બની મારે થાવું મહંત... ક્યારે થશે...

સંયમ જીવનનો લેવો મારગડો

સંયમ જીવનનો લેવો મારગડો, પ્રભુ! તારા જેવા થાવાને...
કોઇ કહે ગાંડો, કોઈ કહે ડાહ્યો, પ્રભુ! તારા ચરણોમાં રહેવાને... સંયમ...

દુઃખના ડુંગર તૂટી પડે પણ, કર્મોનાં બંધન તૂટે છે ત્યારે...
લીલા લહેર છે પ્રભુના પંથે, મોક્ષના માર્ગે જાવાને... કોઈ કહે...

પૂર્વ જનમના આવ્યા ઉદયમાં, વીરનું શાસન પામ્યા રે ત્યારે
જિનશાસનની છે બલિહારી, મુક્તિના પંથે જાવાને... કોઈ કહે...

દુઃખિયાના છે દુઃખ હરનારા, સુખિયાને તો સુખી કરનારા...
ગીતો રે ગાય છે ભક્તો તમારા, પ્રભુજી! તમને પામવાને... કોઈ કહે...

આ કાળમાં સાધુ થનારા મહાન

યૌવનવયમાં સુખ છોડનારા મહાન...
આ કાળમાં સાધુ થનારા મહાન... આ કાળમાં...

યૌવનનું પતન કરાવે એવો છે આ સમય,
વિષયોનું વ્યસન કરાવે એવો છે આ સમય,
આવા સમયમાં સઘળી વાસનાઓ જીતીને,
મનને વીતરાગમાં વાળનારા મહાન... આ કાળમાં...

જેણે ગુરુ કનેથી તત્ત્વો ગ્રહણ કર્યા,
શાસ્ત્રોમાંહી રહેલા સત્યો શ્રવણ કર્યા,
ભવમાં ભમાડનારા કર્મોથી છૂટવા,
સંયમ ભણી કદમ માંડનારા મહાન... આ કાળમાં...

હૈયામાં ભાવ જાગ્યા દીક્ષાના જ્યારથી,
સાદાઈ તે ઘડીથી રાખનારા મહાન...
આભૂષણો સોનાના ને કપડા કિંમતી,
સાધન શૃંગાર કેરાં ત્યાગનારા મહાન... આ કાળમાં...

રૂડા રાજમહેલને ત્યાગી

રૂડા રાજમહેલને ત્યાગી, પેલો ચાલ્યો રે વૈરાગી...
એનો આતમ ઉઠ્યો છે આજ જાગી... રૂડા રાજમહેલને...

નથી કોઈ એની, એની રે સંગાથે, નીચે ધરતી ને, આભ છે માથે...
એ તો નીકળ્યો છે ખાલી હાથે... રૂડા રાજમહેલને...

એણે મૂકી આ જગની માયા, એની યુવાન છે હજુ આ કાયા...
એણે મુક્તિમાં દીઠો સાર... રૂડા રાજમહેલને...

એને સંયમની તલપ લાગી, એનો આતમ આજ બન્યો મોક્ષગામી...
એની ભવોભવની ભ્રમણા ભાંગી... રૂડા રાજમહેલને...